# જિલ્લામાં તહેવારો ટાણે કુદકા મારતી મોંઘવારીથી પ્રજા પરેશાન

## વરસાદની ખેંચમાં ફુગાવો બેકાબુ, મોંઘવારીથી તહેવારોનો આનંદ ઓસરે તેવી સ્થિતિ

બાયડ તા.૨૪
સાબરકાંઠા, અરવલ્લી



જિલ્લામાં તહેવારો ટાણે મોંઘવારી કુદકા મારતી હોય તેવી સ્થિતિ છે. જીવન આવશ્યક ચીજવસ્તુના ભાવ સતત આસમાને જઈ રહ્યા છે જેથી પ્રજા હેરાન પરેશાન બની છે. એક તરફ વરસાદ ખેંચાતાં ખરીફ ખેતી ઉપર સંકટના વાદળો ઘેરાયા છે ત્યાં મોંઘવારીના કારણે તહેવારોનો આનંદ ઓસરે તેવું લાગી રહ્યું છે જેમાં મધ્યમ વર્ગની હાલત અત્યંત કફોડી બની છે.

કોરોનાનું સંક્રમણ ઘટ્યું પરંતુ મોંઘવારીએ જડબું ફાડતાં પ્રજા જીવતે જીવ મુંવા જેવી હાલતમાં મૂકાઈ છે. ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા પછી રાંધણ ગેસ, તેલ, કરીયાણું, શાકભાજી સહિતની ચીજવસ્તુઓમાં ફુગાવો બેકાબુ બન્યો છે. ભાવ નિયંત્રણના કાયદા બેઅસર સાબિત થઈ રહ્યા છે. જેના કારણે જ્યાં બેટંક ભોજનમાં પણ કાપ મૂકવો પડે તેવી સ્થિતિ હોય ત્યાં ધામધૂનથી તહેવારોની ઉજવણી કરવી અત્યંત મુશ્કેલ બની છે. જિલ્લામાં વરસાદનો મુખ્ય ધોરી માસ ગણાતો અષાઢ અડધો વિત્યો હોવા છતાં સાર્વત્રિક વરસાદ નોંધાયો નથી જેના કારણે ખેડૂત વર્ગ ચિંતામાં છે. તેમાંય જીવન આવશ્યક ચીજવસ્તુઓમાં ભાવ રોજ વધી રહ્યા છે. ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગથી હવે તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે પરંતુ દાઝી જવાય તેવી મોંઘવારીના કારણે પ્રજાના ચહેરા ઉપર તહેવારોનો આનંદ ઓસર્યો છે. અગાઉની જેમ તહેવારો સમયે થતા ખર્ચા ઉપર ન છૂટકે ગરીબ-મધ્યમ પરિવારોને કાપ મૂકવાની ફરજ પડી છે. કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગારો તહસ નહસ થવાથી અસંખ્ય પરિવારો અગાઉથી મુશ્કેલ સ્થિતિમાં મૂકાયા છે ત્યાં હવે એક પછી એક જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના ભાવ ઉંચકાતાં આગામી તહેવારોનો આનંદ ફિક્કો પડવાના અણસાર છે.

## જો થઈ છે : બાયડમાં જુગનું કહેતાં જડબાતોડ મુક્કો પડ્યો : ચોકઠામાંથી ૨ દાંત ખરી પડ્યા

### મામલો દબાઈ ગયો અન્યથા અનેકનાં હાડકાં ખોખરાં થવાની સંભાવના હતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડમાં ગૌરીવ્રત સમયે જુગનું કહેવાનું એક ઈસમને ભારે પડ્યું છે. કહેવાય છે કે મોંઢામાંથી જુગનું શબ્દ નિકળ્યો કે તરત ઉભયજીવીએ જડબાતોડ મુક્કો ફટકારતાં ચોકડામાંથી ૨ દાંત ખરી પડ્યાની વિગતો સામે આવી છે. હાલ તો આ મામલો દબાઈ ગયો અન્યથા અનેકને દઝાડે તેવી સંભાવના છે. હાલ કહેવાતો મામલો દબાયો પરંતુ તેમાં જેમ જેમ ઉંડા ઉતરવામાં આવશે તેમ અનેકનાં હાડકાં ખોખરાં થવાની સંભાવના છે.

કોરોનાના કારણે ગૌરીવ્રતની ઉજવણી ફિક્કી જણાય છે. બાગ-બગીચા અને જાહેર સ્થળોએ ઓછી સંખ્યા જોવા મળે છે જો કે આ સંયમ કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે આવકાર દાયક છે. દર વર્ષે ગૌરીવ્રત સમયે યુવતીઓની મશ્કરી અને છેડતી ન થાય તે માટે પોલીસનો બંદોબસ્ત સાદા ડ્રેસમાં ગોઠવવામાં આવે છે. ૨ દિવસ અગાઉ બાયડના એક પરિવારના યુવાને જેની સાથે અગાઉ ખટક્યું હતું તેને જુગનું ઈરાદાપૂર્વક કે પછી માનવ સહજ ભૂલથી બોલાઈ ગયું અને હુમલાખોરને તો દોડવું હતું અને ઢાળ મળ્યો હોય તેવી રીતે મુક્કો મારતાં દાંત ગુમાવ્યા છે. વારંવાર બાઈકના સાઈડગ્લાસમાં પોતાનો ચહેરો જોવાની કુટેવ ધરાવતા ઈસમને જો કે કદરૂપા થયેલા હોઠથી બચાવવા માટે કોરોના સમયનો માસ્ક કામ લાગ્યો. લોહી લુહાણ હાલતમાં સારવાર લીધી પરંતુ મુક્કાએ તેને જીવનમાં શું શીખ આપી તે આવનારા દિવસોમાં જોવા મળી શકે છે. લોક ચર્ચા તો એવી છે કે એક ફૂલ દો માલી..જેવી આ ઘટનામાં થોડા સમય પછી અનેક કંકાલ બેઠાં થવાની સંભાવના છે.

# જિલ્લામાં ટેન્કર ફરતાં કરી બાયોડીઝલ વાહનોમાં ભરી આપવાનું નેટવર્ક

### પોલીસના ડરથી બાયોડીઝલ ભરવાની હરતી ફરતી સર્વિસ, હાઈવે માર્ગો ઉપર ચોક્કસ સ્થળોએ બાયોડીઝલનો ગોરખ ધંધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪
સાબરકાંઠા, અરવલ્લી

જિલ્લામાં ગેરકાયદેસર બાયોડીઝલના વેપલા ઉપર પોલીસે કડકાઈ દાખવી છે. ધનસુરા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં પોલીસે રેડ કરી ગેરકાયદેસર રાખવામાં આવેલું બાયોડીઝલ જપ્ત કરી આરોપીઓ સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરતાં હવે હાઈવે માર્ગો ઉપર ટેન્કર ફરતાં કરી બાયોડીઝલ ભરી આપવાનું નેટવર્ક શરૂ થયું છે. ચોક્કસ વિસ્તારોમાં સ્થાનિક ઉપરાતં પરપ્રાંતની ટ્રકોમાં હરતી ફરતી ટેન્કરની સર્વિસ આપી બાયોડીઝલનો ગોરખ ધંધો ધમધમવા લાગ્યો છે.

ઉચ્ચ કક્ષાએથી અપાયેલા આદેશ અનુસાર જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી ચાલતા બાયોડીઝલના ગેરકાયદેસરના વેપાર અને સંગ્રહ ઉપર પોલીસ તંત્ર દ્વારા છાપા મારવામાં આવી રહ્યા છે. ડીઝલના ભાવ આસમાને પહોંચતાં વાહનોમાં પર્યાવરણને જોખમમાં મૂકે તે પ્રકારનું બાયોડીઝલ ભરી વાહનો દોડવા લાગ્યાં છે. છેલ્લા કેટલાક સમયથી આ ગોરખ ધંધો બંન્ને જિલ્લામાં ફૂલ્યો ફાલ્યો છે હવે પોલીસ એક્શન મોડમાં આવી છે જેના કારણે બાયોડીઝલનો ગેરકાયદેસર વેપાર કરનારાઓએ પોલીસથી બચવા માટે નવા કીમીયા અજમાવ્યા છે જેમાં હાઈવે માર્ગો ઉપર કોઈની નજર ન પડે તેવા સ્થળોએ ટેન્કર ઉભાં રાખી અન્ય વાહનોમાં બાયોડીઝલ ભરી આપવામાં આવતું હોવાની ફરિયાદ ઉઠી છે. અગાઉ પોલીસે કેટલાક વિસ્તારોમાંથી બાયોડીઝલના જથ્થા સાથે આરોપીની અટકાયત કરી છે અને હજુ પણ પોલીસ દ્વારા રેડ કરવાની કાર્યવાહી જારી રાખવામાં આવતાં છેલ્લા કેટલાય સમયથી બાયોડીઝલના ગેરકાયદેસર વેપલા સાથે સંકળાયેલા ઈસમોએ હવે હરતાં ફરતાં ટેન્કર શરૂ કરી અન્ય વાહનોમાં બાયોડીઝલ ભરવાનું નેટવર્ક ગોઠવ્યું છે. પોલીસ તંત્ર દ્વારા સાચા અર્થમાં નેટવર્કને ભેદવું હોય તો હાઈવે માર્ગો પરના ચોક્કસ ઢાબા, હાઈવે ઉપર બંધ પડેલી હોટલો નજીક છેલ્લા કેટલાક દિવસથી બાયોડીઝલનું નેટવર્ક ચલાવાતું હોવાની બુમ છે.

## પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં કચરાના ઢગલામા આગ

પ્રાંતિજ, ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બીજા દિવસે પણ આગ લાગવાની ઘટના સામે આવી હતી તો પ્રાંતિજ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ આગ હોલવી હતી.

પ્રાંતિજ વ્હોરવાડ જુના બજારમા લાગેલ આગ બાદ પ્રાંતિજમા બીજા દિવસે પણ નાની ભાગોળ વિસ્તારમા આવેલ અંબાજી માતાના મંદિર સામે આવેલ રહેણાંક વિસ્તારમા ખુલ્લી જગ્યામા કચરાના ઢગલામા આગ લાગી હતી તો જોત જોતામા આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આજુબાજુ માથી લોકો દોડી આવ્યા હતા અને આગ હોલવવાનો પ્રયત્ન કર્યો હતો પણ આગ બે કાબુ બનતા પ્રાંતિજ ફાયર બ્રિગેડને જાણ કરવામા આવી હતી.

## ગુરૂપૂર્ણિમા પર્વ : ગાયત્રી શક્તિપીઠ બાયડમાં પર્વની ઉજવણી, પરીજનો જોડાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪



ગાયત્રી શક્તિપીઠ- બાયડમાં ગુરૂપૂર્ણિમા પર્વની આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી. ગાયત્રી પરિજનો ઉજવણીમાં સામેલ થયા હતા. ભસ્મ આરતી સાથે ગુરૂપૂર્ણિમા પર્વની સાદગી સાથે પૂર્ણાહૂતિ કરવામાં આવી.



જિલ્લામાં શનિવારે ગુરૂપૂર્ણિમા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભાવિક ભક્તો દ્વારા ગુરૂવંદના તેમજ ગુરૂ આશ્રમોમાં કોરોના ગાઈડલાઈન મુજબ ગુરૂપૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા જેમાં ધાર્મિક સંસ્થાઓ સહિત ધાર્મિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. ગાયત્રી શક્તિપીઠ-બાયડ ખાતે પણ ગાયત્રી પરીજનોની ઉપસ્થિતિમાં ગુરૂપૂજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં આ વખતે ખાસ ભસ્મ આરતી સાથે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

કોરોનાનું સંક્રમણ પ્રસરે નહીં તે માટે આ વખતે ગાયત્રી પરિજનો માટે ભોજનની સુવિધા કરવામાં આવી ન હતી પરંતુ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ગુરૂ-શિષ્ય મિલનના પ્રસંગો યાદગાર બન્યા

# સાબરકાંઠા, અરવલ્લીમાં શ્રદ્ધા સાથે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી, શિષ્યોએ ગુરૂકંઠી બાંધી

### બાયડ, સુંદરપુરા, ગોધમજી, બેરણામાં દર્શન માટે શિષ્યો આવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

છેલ્લા કેટલાય સમયથી કોરોનાના કારણે બહાર નિકળવા ન મળતાં જનસમુદાય રઘવાયો બન્યો હતો. શનિવારે ગુરૂપૂર્ણિમા પર્વ હોવાથી જિલ્લાના શિષ્યો પોતાના આદ્ય ગુરૂને મળવા અધિરા બન્યા. ગુરૂપૂર્ણિમાનું પર્વ હોવાથી પરોઢથી શિષ્યો ગુરૂના આશ્રમ અને મંદિરોમાં પહોંચી જતાં ગુરૂ-શિષ્ય મિલનના અદ્‌ભૂત..અદ્‌ભૂત પ્રસંગો જોવા મળ્યા હતા. દેશ વિજ્ઞાન યુગ તરફ હરણફાળ ભરી રહ્યો છે ત્યારે ઓણસાલ ગુરૂ પૂર્ણિમા પર્વના દિને આધ્યાત્મિક શક્તિઓ સાથે શિષ્યોનું મિલન એક ચુંબકીય ઉર્જા ઉત્પન્ન કરનારૂ પર્વ બની રહ્યું હતું. બાયડના ગાયત્રી શક્તિ પીઠ, સુંદરપુરાના રામજી મંદિર, ગોધમજીમાં બ્રહ્મલીન સંતશ્રી જેસંગબાવજી, બેરણા આશ્રમ સહિતના જિલ્લાના આશ્રમો અને મંદિરોમાં શિષ્યોએ ગુરૂના ચરણોમાં શિશ ઝૂકાવી આશીર્વાદની ઉર્જા પ્રાપ્ત કરી હતી.

ગુરૂબીન જ્ઞાન ન ઉપજે, ગુરૂબીન મીટે ન ભેદ..સંસારમાં રહીને અધ્યાત્મના ઉંડા રહસ્યો ઉકેલી જીવમાંથી શિવ બનવા ઉપરાંત આત્માની સાચી ઓળખ માટે આત્મજ્ઞાની ગુરૂઓનું માર્ગદર્શન મહત્વનું બની રહેતું હોય છે. ભારતીય સંસ્કૃતિમાં તો ગુરૂની મહત્તા બતાવતાં કહેવાયું છે કે ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વર આમ માનવીના જીવનમાં ફેલાયેલા અંધકારને ગુરૂ જ્ઞાનની જ્યોતથી દૂર કરવાની ચાવી આપી શરણે આવનારાઓને ભવસાગર પાર કરવાનો માર્ગ બતાવતા હોવાથી આદિકાળથી ગુરૂ પરંપરા ચાલી આવી હોવાથી ભાવપૂર્વક ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ઉજવણી થનારી છે. જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ આશ્રમો તથા જાણીતા દેવમંદિરોમાં ગુરૂ પૂજનના વિશેષ કાર્યક્રમો આયોજીત થયા હોઈ ગુરૂ મહોત્સવની તૈયારીઓ અગાઉથી જ સંપન્ન કરી દેવાઈ છે. ગુરૂ મુખી શિષ્યોમાં ગુરૂ પૂજનનો ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. ગુરૂ પૂર્ણિમાના પર્વ નિમિત્તે પોત પોતાના ગુરૂઓના સાનિધ્યમાં શિષ્યો ઉમટતાં બાયડનું ગાયત્રી શક્તિપીઠ, સુંદરપુરામાં સંતશ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજના સાનિધ્યમાં રામજી મંદિર, ડેમાઈનો વિષ્ણુધામ આશ્રમ, મોડાસા તાલુકાના પ્રસિદ્ધ બોલુન્દ્રાના શ્રી કૃષ્ણ આશ્રમ, સાલમપુરમાં મોહન બાવજીનો આશ્રમ, સરડોઈના ગાયત્રી આશ્રમે પૂજ્ય પ્રધ્યુમન બાવજીના આશ્રમે તેમજ ગુરૂદત્ત આશ્રમ સમાધી સ્થળે શિષ્યો દર્શન માટે ઉમટ્યા હતા. આ તમામ સ્થળે કોરોનાનું સંક્રમણ ફેલાય નહીં તે માટે માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. દર વર્ષે શિષ્યો માટે ભોજન અપાતું પરંતુ આ વખતે માત્ર પ્રસાદ આપવામાં આવ્યો હતો જેથી ભીડ એકઠી થઈ ન હતી.



### બાયડમાં ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર રાજ્યમાં વૃક્ષગંગા અભિયાન હેઠળ વૃક્ષારોપણ ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા બાયડ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ ચાલી રહ્યા છે. ગુરૂપૂર્ણિમાના દિવસે બાયડ હાઈસ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છોડનું પૂંજન કર્યા પછી જેમને પણ વૃક્ષો વાવ્યા તેમને વૃક્ષોનું જતન, સિંચન અને ઉછેર માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. બાયડમાં ખાસ કરીને ગાયત્રી પરિવારની મહિલાઓ અને યુવાનો દ્વારા વૃક્ષગંગા અભિયાનને દરેક વિસ્તારમાં સફળ બનાવવાના પ્રયાસ સાથે બાયડ શહેરને હરિયાળું બનાવવાનો સંકલ્પ લીધો હતો. બાયડ હાઈસ્કુલમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, બાયડ કેળવણી મંડળના ચેરમેન મોતીભાઈ એચ. પટેલ, મંત્રી વિનુભાઈ જે. પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપા મહિલા મોરચા મંત્રી ચંદ્રીકાબેન જે. ભાટી, બાયડ શહેર ભાજપ મહિલા મોરચા સંગઠન પ્રમુખ જીજ્ઞાશાબેન કે. પંચાલ, બાયડ પાલિકા કોર્પોરેટર કંચનબેન એમ. પટેલ, અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર શૈલેષભાઈ પટેલ, બાયડ હાઈસ્કુલના આચાર્ય સુનિલભાઈ પટેલ, સુપરવાઈઝર વિનુભાઈ એમ. પટેલ, અરવલ્લી જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી રાકેશભાઈ જે. પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનું આયોજન ગાયત્રી શક્તિપીઠ-બાયડ તેમજ બાયડ હાઈસ્કુલના સિનિયર શિક્ષક એમ.આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાયડમાં દારૂના અડ્ડા નજીક ધમધમતું જુગાર ધામ, બેરોકટોક વિદેશી દારૂની બોટલનું વેચાણ

### જિલ્લા પોલીસ વડા દ્વારા ઓચિંતિ તપાસ કરાવે તો ગોરખ ધંધાનો પર્દાફાશની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડના ચોઈલા રોડ ઉપર કુખ્યાત બુટલેગરના ઘર નજીક જુગારધામ ધમધમી રહ્યું છે અને હવે બેરોકટોક વિદેશી દારૂની બોટલનું વેચાણ થતું હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા પોલીસ વડા દ્વારા બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ધમધમતી અસામાજીક પ્રવૃત્તિઓની તપાસ કરાવે તો ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે.

બાયડમાં દારૂબંધીના લીરા ઉડી રહ્યા છે. માત્ર કાગળ ઉપર જ દારૂબંધીનો ખેલ બતાવામાં આવે છે પરંતુ માંગો તેટલો દેશી-વિદેશી દારૂ બાયડમાં આસાનીથી મળી રહે છે. ચોઈલા રોડ ઉપર રેલવે ફાટક નજીક ધડુશીયા ગામના સીમાડામાં જુગારધામનું હાટડું શરૂ થયું હતું. કોઈ વ્યક્તિએ આ અંગે પોલીસના કાન આંબળતાં પોલીસને જુગારધામ ઉપર દોડવાની ફરજ પડી જેમાં ૫ જેટલા જુગારીયા ઝડપી લેવામાં આવ્યા છે અને માંડી સાંજ સુધી પોલીસે નામ દબાવી રાખવાનો પ્રયાસ કરતાં તરેહ તરેહની અટકળોએ જોર પકડ્યું છે. જ્યારે આ સ્થળની નજીક દારૂનો વેપલો ફૂલ્યો ફાલ્યો છે. ચોક્કસ બાઈક ઉપર વિદેશી દારૂની બોટલોનું વેચાણ થઈ રહ્યું છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ચાલતી દારૂ અને જુગારની હાટડીઓ ઉપર છાપો મારવા હવે એલ.સી.બી. અને એસ.ઓ.જી.ને કામગીરી સોંપવી જોઈએ અન્યથા અનેક પરિવારો બરબાદ થઈ શકે છે. ચોઈલા રોડ ઉપર રેલવે ફાટક નજીક ધમધમતા દારૂના અડ્ડા ઉપરથી વિદેશી દારૂનો વેપલો થાય છે ત્યારે છેલ્લા ૪૮ કલાકના આસપાસના ખાનગી સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવે તો બાયડ પોલીસની પોલ ખૂલી શકે છે.

# લાયન્સ-લીઓ કલબ-બાયડનો આજે ૩૧મો પદગ્રહણ સમારોહ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

લાયન્સ-લીઓ કલબ-બાયડના ૩૧મો પદગ્રહણ સમારોહ રવિવારે બાયડની હોટલ વૃન્દાવનમાં ઈન્સ્ટોલીંગ ઓફીસર, પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર સૌરભ બ્રહ્મભટ્ટ, બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ગાંધીનગર સચિવાલયના નિવૃત્ત સેક્શન ઓફીસર નટુભાઈ સોલંકી સહિત લાયન નેતાઓની ઉપસ્થિતિમાં સવારે ૯-૦૦ કલાકે યોજાશે. લાયન્સ પ્રમુખ તરીકે નરેશચંદ્ર એલ. પરમાર, લીઓ પ્રમુખ ઋગ્વેદ પી. પટેલ અને તેમની ટીમ શપથ ગ્રહણ કરશે. સમગ્ર ડિસ્ટ્રીક્ટમાં સેવાકીય ક્ષેત્રમાં આગવી નામના મેળવનાર લાયન્સ કલબ-બાયડના પદગ્રહણ સમારંભમાં અન્ય કલબના લાયન નેતાઓ હાજર રહેશે. બાયડ જેવા વિસ્તારમાં સળંગ ૩ દાયકાથી સેવાકાર્યો કરી છેવાડાના લોકોને શક્ય તેટલી મદદ ઉપરાંત સરકારના તાલુકા કક્ષાના અનેક સેવાકીય કામોમાં સહભાગી થનારી લાયન્સ-લીઓ કલબ, બાયડ યશસ્વી ૩૦ વર્ષ પૂર્ણ કર્યા છે.



ચાર્ટર પ્રમુખ ડૉ.ભૂપેન્દ્રભાઈ સી. શાહ દ્વારા શરૂ કરાયેલી લાયન્સ કલબ-બાયડ દ્વારા અત્યાર સુધીમાં વિવિધ ક્ષેત્રમાં ડીસ્ટ્રીક્ટ અને મલ્ટીપલના અનેક એવોર્ડ જીતી સેવાકીય કાર્યોની ગુંજ દેશ-પરદેશ સુધી પહોંચી છે. તત્કાલિન પ્રમુખ સમીરભાઈ ડી. મિરઝા અને તેમની ટીમે વર્ષ દરમ્યાન અનેક સેવાકીય કાર્યો કરી લાયન્સ કલબ-બાયડની નામનામાં વધારો કર્યો છે.